

## (A - 25)

## શિખર સંમેદ સોહામણા

(રાગ : ધન્ય દિવસ ધન્ય આજનો...)

શિખર સંમેદ સોહામણા, મંગળ તીરથધામ;
નભસ્પર્શી ઉન્નત અતિ, સુખકર રમણીય ધામ...શિખર૦ ૧.

શિખર સંમેદ વન-વૃક્ષની, શોભા અતિ મનહાર;
નિત્ય અનાદિ અનંત જે, પાવન તીરથરાજ...શિખર૦ ૨.

આ યુગના જિન વીસ જે, અજિતાદિક જિનનાથ;
મુક્ત થયા ગિરિશિખરથી, ધન્ય ધન્ય આ ધામ....શિખર૦૩.

અનંત તીર્થંકર આ ભૂમિમાં, સિદ્ધ થયા ભગવાન;
થાશે અનંતા ભાવિમાં, શાશ્વત તીર્થ મહાન...શિખર૦ ૪.

જ્ઞાન પૂરણ, દર્શન પૂરણ, પૂરણ ચારિત્રાનંદ;
દિવ્ય અનંત ગુણ પરિણમ્યા, વિશ્વવંદ્ય ભગવંત....શિખર ૫.

પાવન જિનચરણો થકી, પાવન છે તીર્થરાજ;
અણુ-અણુ પાવન શિખરના, વિચર્યા જ્યાં જિનરાજ...શિખર૬.

જિનવંદનના કારણે, આવે ચારણ ઋષિરાજ;
ધ્યાન ધરે ગિરિશિખરમાં, પામે શિવપુરરાજ...શિખર૦ ૭.

ગણધર શ્રુતધર મુનિવરા, ધ્યાવે આતમધ્યાન;
આતમલીન સિદ્ધિ વર્યા, પામી કેવળજ્ઞાન....શિખર૦ ૮.










પ્રત્યક્ષ જિનદર્શન કરે, વાણી સુણે અમીધાર;
નયણે નિરખે કલ્યાણકો, ધન્ય ધન્ય મહાભાગ....શિખર૦ ૯.

શાશ્વત તીરથરાજની, મહિમા મેરુ સમાન;
અંતાતીત તીર્થેશના, ગુણો કેમ ગવાય....શિખર૦ ૧૦.

ગણધર-મુનિ-સુર સંગમાં જિનચોવીસી અનંત;
પુનિત પ્રસંગો તીર્થ પર, સ્મરણો હૃદયે સ્ફુરંત...શિખર૦ ૧૧.

ધન્ય ભૂમિ, ધન્ય ધૂળ ને, ધન્ય અહો અમ ભાગ્ય;
ગુરુવર સાથે દર્શન થયાં, નિરખ્યાં પાવન ધામ...શિખર૦ ૧૨.

સાક્ષાત્ જિનદર્શન થયાં, શાશ્વત જિનનાં ધામ;
સાક્ષાત્ સિદ્ધને નિરખ્યા, એવો આનંદ અપાર....શિખર૦ ૧૩.

સંમેદશિખરની સેવા કરે, દેવગણનાં રે વૃંદ;
પાવન પાવન ધામ જે, શિખર મંગલકાર...શિખર૦ ૧૪.

ગુરુજી યાત્રા પધારિયા, ભારત-તારણહાર;
નગર નગર ગુરુ વિચર્યા, વાણી વર્ષે અમીધાર....શિખર૦ ૧૫.

સુવર્ણ-અવસર યાત્રા તણા, મળિયા ગુરુજીના સાથ;
જ્ઞાયકદેવ સમજાવિયા, શરણે રાખો નાથ....શિખર૦
—ગુરુજી મંગલકાર...શિખર૦ ૧૬.